પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૪૭ | ૦૫ ઓગસ્ટ, ૨૦૨૩, શનિવાર; અધિક શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પ્રતિદિન માતૃભૂમિ માટે જીવવું જોઈએ : મોદી

**"મારી માટી, મારો દેશ" - માટીને નમન, વીરોને વંદન : દેશના તમામ ૨.૫ લાખથી વધુ ગામની માટીમાંથી દિલ્હી ખાતે "અમૃત વાટિકા"નું થશે નિર્માણ : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના આહવાનથી દેશભરમાં તા. ૯ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન યોજાશે "મારી માટી, મારો દેશ" અભિયાન**



નવી દિલ્હી, તા.૪

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે, પ્રતિદિન માતૃભૂમિ માટે જીવવું, સમયની દરેક ક્ષણ અને જીવનનો પ્રત્યેકકણ માભોમને સમર્પિત કરીએ, એ જ આઝાદીના લડવૈયાઓને આપણી સાચી શ્રદ્ધાંજલિ હશે.

દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન અને સંઘર્ષના પરિણામે ભારતને મહામૂલી આઝાદી મળી, અને આજે દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. દેશના અમૃતકાળની ભવ્ય ઉજવણી કરવા તેમજ આગામી ૨૫ વર્ષમાં ભારતને વિકસિત દેશ બનાવવા સ્વપ્ન માટે રોડમેપ તૈયાર કરવા વડાપ્રધાનશ્રીએ ૧૨માર્ચ, ૨૦૨૧થી "આઝાદી કા અમૃતમહોત્સવ"નો શુભારંભ કરાવ્યો હતો. ઓગષ્ટ-૨૦૨૩માં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી પૂર્ણ થશે. દેશના અમૃતકાળને વધુ યાદગાર બનાવવા ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને દેશ માટે શહાદત વહોરનાર દરેક વીરજવાનને સાચી શ્રદ્ધાંજલિ આપવા દેશભરમાં "મારી માટી, મારો દેશ" અભિયાન હાથ ધરવામાં આવશે.

"આઝાદી કા અમૃતમહોત્સવ"ની પૂર્ણાહુતિને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા આગામી તા. ૯ થી ૩૧ ઓગષ્ટ

● અનુસંધાન પાન-૭ પર

## ૫૦૮ રેલવે સ્ટેશનોનાં પુનર્વિકાસ માટે

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૬ ઓગસ્ટનાં રોજ દેશભરમાં શિલારોપણ કરશે

**અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રૂ. ૨૪,૪૭૦ કરોડથી વધુના ખર્ચે સ્ટેશનોનો પુનઃવિકાસ કરવામાં આવશે**

નવી દિલ્હી, તા.૦૪

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી એક ઐતિહાસિક પહેલ અંતર્ગત ૬ ઓગસ્ટનાં રોજ સવારે ૧૧ વાગે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે દેશભરમાં ૫૦૮ રેલવે સ્ટેશનોનાં પુનર્વિકાસ માટે શિલારોપણ કરશે.

પ્રધાનમંત્રીએ અવારનવાર અત્યાધુનિક જાહેર પરિવહનની જોગવાઈ પર ભાર મૂક્યો છે. રેલવે એ દેશભરના લોકોના પરિવહનનું પસંદગીનું માધ્યમ છે તેની નોંધ લઈને તેમણે રેલવે સ્ટેશનો પર વિશ્વ કક્ષાની સુવિધાઓ પૂરી પાડવાના મહત્ત્વ પર ભાર મૂક્યો છે. આ વિઝનથી પ્રેરિત થઈને દેશભરના ૧૩૦૯ સ્ટેશનોના રિડેવલપમેન્ટ માટે અમૃત ભારત સ્ટેશન યોજના શરૂ કરવામાં આવી હતી.

આ યોજનાના ભાગરૂપે પ્રધાનમંત્રીના હસ્તે ૫૦૮ સ્ટેશનોના પુનર્વિકાસનો શિલાન્યાસ કરવામાં આવી રહ્યો છે. આ સ્ટેશનોને ૨૪,૪૭૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે રિડેવલપમેન્ટ કરવામાં આવશે. શહેરની બંને બાજુના યોગ્ય સંકલન સાથે આ સ્ટેશનોને 'સિટી સેન્ટર્સ' તરીકે વિકસાવવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ સુગ્રથિત અભિગમ રેલવે સ્ટેશનની આસપાસ કેન્દ્રિત શહેરના એકંદર શહેરી વિકાસના સર્વગ્રાહી દ્રષ્ટિકોણથી પ્રેરિત છે.



આ ૫૦૮ સ્ટેશનો ૨૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા છે, જેમાં ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ૫૫-૫૫, બિહારમાં ૪૯, મહારાષ્ટ્રમાં ૪૪, પશ્ચિમ બંગાળમાં ૩૭, મધ્ય પ્રદેશમાં ૩૪, આસામમાં ૩૨, ઓડિશામાં ૨૫,

● અનુસંધાન પાન-૭ પર

# જ્ઞાનવાપીમાં એએસઆઈ સર્વે માટે સુપ્રીમની મંજૂરી

**જ્ઞાનવાપી કેસમાં મુસ્લિમ પક્ષને સુપ્રીમમાં મોટો આંચકો :વિવાદિત માળખાને સ્પર્શ ન થાય અને ત્યાં કોઈ ખોદકામ ન થાય, અમે તમામ પક્ષકારોને સાંભળ્યા છે : સુપ્રીમ**

નવી દિલ્હી, તા.૪

જ્ઞાનવાપી કેમ્પસના સર્વેની મંજૂરી આપવાના અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય સામે મુસ્લિમ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટ આજે સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની બેન્ચ આ અંગે સુનાવણી કરી હતી. ગઈકાલે અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાના કલાકો બાદ અંજુમન ઈન્તેઝામિયા મસ્જિદના વકીલ નિઝામ પાશાએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો અને તાત્કાલિક સુનાવણીની વિનંતી કરી હતી, જેમાં સર્વે પર પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી હતી. આ મામલે મુસ્લીમ પક્ષને મોટો ઝટકો લાગ્યો છે કારણ કે સુપ્રીમ કોર્ટે પણ હવે એએસઆઈસર્વે માટેની મંજૂરી આપી દીધી છે. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે કહ્યું કે, અમે એ સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે વિવાદિત માળખાને સ્પર્શ ન થાય અને ત્યાં કોઈ ખોદકામ ન થાય. અમે તમામ પક્ષકારોને સાંભળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મોદી સરનેમ કેસમાં રાહુલ ગાંધીની સજા પર સુપ્રીમનો સ્ટે

**રાહુલને માર્ચમાં સુરતની કોર્ટે બે વર્ષની કેદની સજા કરી હતી : ગુજરાત હાઈકોર્ટે ૭ જુલાઈએ તેમની સજા પર રોક લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો**

નવી દિલ્હી, તા.૪

મોદી સરનેમ કેસમાં સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને મોટી રાહત આપી છે. આ કેસમાં પોતાનો ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે રાહુલની સજા પર રોક લગાવી દીધી છે. જ્યાં સુધી અપીલ પેન્ડિંગ છે, ત્યાં સુધી સજા રોક લગાવાઈ છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનું રાજકીય ભવિષ્ય નક્કી થઈ જશે. આ મામલાની સુનાવણી જસ્ટિસ બીઆર ગવઈની અધ્યક્ષતાવાળી બેન્ચે કરી હતી.

મોદી સરનેમ કેસમાં રાહુલની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ છે. જેમાં રાહુલ ગાંધીના વકીલ સિંઘવીએ દોષસિદ્ધિ પર રોક લગાવાવની માંગ કરી હતી. તમામ પક્ષોને દલીલ માટે ૧૫-૧૫ મિનિટનો સમય અપાયો હતો. રાહુલના વકીલે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, ફરિયાદીની અસલી સરનેમ મોદી નથી, બાદમાં તેમણે સરનેમ બદલી છે. મોદી સરનેમ માનહાનિ કેસમાં ફરિયાદી પૂર્ણેશ મોદીએ સુપ્રીમ કોર્ટમાં ૩૧ જુલાઈએ જવાબ દાખલ કર્યો હતો. જેમાં તેમણે રાહુલ ગાંધીની અરજી ફગાવવાની માંગ કરી હતી.

રાહુલ ગાંધીએ પોતાની સજા પર રોક લગાવવાની માંગ કરી હતી, જેના પર આજે સુનાવણી થઈ છે. પૂર્ણેશ મોદીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીને રાહત આપવાનો કોઈ આધાર નથી. તેમનું આચરણ અભિમાન ભર્યું છે. વગર કારણે એક આખા વર્ગને અપમાનિત કર્યા બાદ તેમણે માફી માંગવાની ના પાડી.

બે દિવસ અગાઉ જ રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં જવાબ દાખલ કર્યો હતો. જેમાં રાહુલ ગાંધીએ માફી માંગવાનો ઈક્રાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટમાં સોગંદનામામાં દાખલ કરીને કહ્યું હતું કે, માફી માંગવાનો સવાલ ઉઠતો નથી. પ્રથમ દ્રષ્ટિએ આ માનહાનિનો કેસ જ નથી બનતો. માફી માંગવાનું કોઈ કૃત્ય જ નથી. અપીલ સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે. તેમાં સફળતાની સંભાવના છે. એટલા માટે સજા પર સુપ્રીમ કોર્ટ રોક લગાવી દે.

## ઉત્તરપ્રદેશના અમાનુલ્લાપુરનું નામ જમુનાનગર કરાશે

નવી દિલ્હી, તા.૪

કેન્દ્ર સરકારે ઓડિશાના એક રેલવે સ્ટેશન અને રાજસ્થાનના ત્રણ ગામ સહિત કુલ ચાર ગામોના નામ બદલવાની મંજૂરી આપી દીધી છે અને આ માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. ઉદયપુર જિલ્લાના કાનોડ તાલુકામાં ખિમવતોં કા ખેડાનું નામ બદલીને ખિમસિંહજી કા ખેડા, જોધપુર જિલ્લાના ફલોદી તાલુકામાં બેંગતી કાલાનું નામ બદલીને બેંગતી હરબુજી અને જાલોર જિલ્લાના સાયલા તાલુકામાં ભુંડવાનું બદલીને ભાંડવપુરા નામ બદલવા માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. આ સિવાય ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લામાં સ્થિત અમાનુલ્લાપુરનું નામ બદલીને જમુના નગર કરવા માટે પણ એનઓસી આપવામાં આવી છે.


## હાર્દિક અભિનંદન



આપણી સંસ્થાના મેનેજીંગ ડીરેક્ટરશ્રી કેતનભાઈ પટેલને પાટનગરનું પોતાનું અખબાર એવા ગાંધીનગર સમાચારનું સંચાલન સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ હાર્દિક શુભકામના.

લી.

શ્રી દિલીપસિંહ આર. ચૌહાણ
ચેરમેન

શ્રી મંગળદાસ કે. પટેલ
વાઈસ ચેરમેન

શ્રી સુરેશકુમાર એન. મહેતા
જો. મેનેજીંગ ડીરેક્ટર

શ્રીમતી હસુમતીબેન આર. પટેલ
ચેરમેન, દૂધ સમિતિ

શ્રીમતી ભાનુમતીબેન રોહિત
ચેરમેન, હિસાબ સમિતિ

શ્રી તેજાભાઈ કે. દેસાઈ, ડીરેક્ટરશ્રી
શ્રી પંકજકુમાર બી. શુક્લ, ડીરેક્ટરશ્રી
શ્રી ઈશ્વરભાઈ એસ. પટેલ, ડીરેક્ટરશ્રી
શ્રીમતી રેણુકાબેન પટેલ, ડીરેક્ટરશ્રી
શ્રી સંજયકુમાર એસ. શાહ, ડીરેક્ટરશ્રી
શ્રી રાજેશ એસ. પંચોલી, ડીરેક્ટરશ્રી
શ્રી ચંદ્રસિંહ એચ. વાઘેલા, ડીરેક્ટરશ્રી
શ્રી બિપીનસિંહ ડી. વાઘેલા, ડીરેક્ટરશ્રી
શ્રી ગજેન્દ્રસિંહ કે. રાઠોડ, ડીરેક્ટરશ્રી
શ્રી નરહરદાન જે. ગઢવી, ડીરેક્ટરશ્રી

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ
સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર


## ડોનાલ્ડ ટ્રમ્પ મૂળ ભારતીય યુએસ જજ મોક્ષિલા ઉપાધ્યાય સામે હાજર થયા

વોશિંગ્ટન, તા.૪

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગઈકાલે અમેરિકન મેજિસ્ટ્રેટ જજ સમક્ષ હાજર થયા હતા. આ જજ ગુજરાતમાં જન્મેલા અને ભારતીય મૂળના છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર ૨૦૨૦ની ચૂંટણીના પરિણામોને પલટાવવાનું કાવતરું ઘડવાનો આરોપ છે. ગુજરાતમાં જન્મેલા અને પત્રકારત્વમાં સ્નાતક થયેલી મહિલાએ અમેરિકામાં ન્યાયાધીશની ખુરશી સુધી કેવી રીતે પહોંચી.

ગુજરાતમાં જન્મેલા મોક્ષિલા ઉપાધ્યાય અમેરિકાના કેન્સાસ શહેરમાં મોટા થયા હતા. તેમણે અમેરિકાની યુનિવર્સિટીમાંથી પત્રકારત્વમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. ઉપાધ્યાયે યુનિવર્સિટી ઓફ મિઝોરીમાંથી લેટિનમાં

● અનુસંધાન પાન-૭ પર

# ભારતને મળી ખતરનાક ઈઝરાયલી મિસાઈલ

**વાયુસેનાને ૩૦ કિમી સુધીની રેન્જ સાથે ઇઝરાયેલની સ્પાઇક નોન-લાઇન ઓફ સાઇટ એન્ટી ટેન્ક ગાઇડેડ મિસાઇલો પ્રાપ્ત થઈ**

નવી દિલ્હી, તા.૪

ભારતીય વાયુસેનામાં થઈ ઘાતક હથિયારની એન્ટ્રી. ભારતની શક્તિમાં થઈ ગયો ધરખમ વધારો. આ હથિયારની તાકાત જાણીને પાકિસ્તા સહિત દુનિયાના બીજા દેશોમાં ફફડાટ...પર્વતોની પાછળ છુપાયેલા દુશ્મન સ્થાનોને નષ્ટ કરવા માટે તેની ક્ષમતાઓને વધારવા માટે, ભારતીય વાયુસેનાને ૩૦ કિમી સુધીની રેન્જ સાથે ઈઝરાયેલની સ્પાઈક નોન-લાઈન ઓફ સાઈટ (દ્બન્જી) એન્ટી ટેંક ગાઈડેડ મિસાઈલો પ્રાપ્ત થઈ છે. સાથે લક્ષ્ય. સંરક્ષણ સૂત્રોએ એએનઆઈને જણાવ્યું હતું કે ઈઝરાયેલી સ્પાઈક એનએલઓએસ એન્ટિ-ટેંક ગાઈડેડ મિસાઈલો પહોંચાડવામાં આવી છે અને ટૂંક સમયમાં તેનું પરીક્ષણ કરવામાં આવશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે દ્બન્જી મિસાઈલો, જે હવે રશિયન મૂળના સૈ-૧૭ફ૫ હેલિકોપ્ટરના કાફલા સાથે સંકલિત કરવામાં આવી છે, તે લાંબા અંતરથી લક્ષ્યોને ફટકારવામાં સક્ષમ હશે અને દુશ્મનના લક્ષ્યો અને પર્વતો અથવા ટેકરીઓ પાછળ છુપાયેલી સંપત્તિઓ સામે ખૂબ અસરકારક સાબિત થઈ શકે છે.

ચાલી રહેલા રશિયા-યુક્રેન સંઘર્ષ દરમિયાન, અહેવાલો સૂચવે છે કે યુક્રેનિયન દળોએ પશ્ચિમી યુરોપીયન દેશો અને યુએસ દ્વારા પૂરી પાડવામાં આવતી ટેંક વિરોધી અને વિમાન વિરોધી મિસાઈલોનો અસરકારક રીતે ઉપયોગ કર્યો છે.

ભારતીય વાયુસેનાએ લગભગ બે વર્ષ પહેલા આ મિસાઈલોમાં રસ દાખવવાનું શરૂ કર્યું હતું જ્યારે ચીની સેનાએ પૂર્વી લદ્દાખ સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (ન્છઝ) પર મોટી સંખ્યામાં ટેંક અને પાયદળ લડાયક વાહનો તૈનાત કર્યા હતા.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે હાલમાં મર્યાદિત સંખ્યામાં સ્પાઈક એનએલઓએસ એટીજીએમનો ઓર્ડર આપવામાં આવ્યો છે અને ફોર્સ મેક-ઈન-ઈન્ડિયા પહેલ દ્વારા આ મિસાઈલોને મોટી સંખ્યામાં હસ્તગત કરવા પર ધ્યાન આપશે.